# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૬/૧/૨૦૧૮

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

## તમિલનાડુ ડેલીગેશન 'સીટેક્ષ– ૨૦૧૯' પ્રદર્શનની મુલાકાતે : લેટેસ્ટ મશીનરી ખરીદવાની તૈયારી દર્શાવી

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર અને ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે યોજાયેલા 'સીટેક્ષ ૨૦૧૯' પ્રદર્શનની આજરોજ તમિલનાડુના ડેલીગેશને મુલાકાત લીધી હતી. તમિલનાડુના ડેલીગેશને કન્વર્ટેડ રેપીયર લૂમ્સ અને રેપીયર લૂમ્સ સહિતની લેટેસ્ટ મશીનરી ખરીદવાની તૈયારી દર્શાવી હતી. આ ડેલીગેશને સીટેક્ષમાં મશીનરી મેન્યુફેકચર્સ સાથે એક બાદ એક ઘણી મિટીંગો પણ કરી હતી.

તમિલનાડુ રાજયમાંથી ટેક્ષ્ટાઇલ મિનિસ્ટ્રી ઓફ કોઇમ્બતુરની રિજનલ ઓફિસ ખાતેથી વીસ જેટલા વેપારી અને ઉદ્યોગપતિઓનું એક ડેલીગેશન આજે ચેમ્બરના સીટેક્ષ ૨૦૧૯ પ્રદર્શનની મુલાકાત અર્થે આવ્યુ હતુ. જેમાં ઇરોડ પાવરલૂમ્સ એસોસિએશન, ચિતોડ પાવરલૂમ્સ ઓનર્સ એસોસિએશન, વિરપ્પન છત્રમ વિવર્સ અને ઇરોડ પાવરલૂમ્સ કો–ઓપરેટીવ સોસાયટીના હોદ્દેદારો અને સભ્યોનો સમાવેશ થાય છે. આ ડેલીગેશને સીટેક્ષ પ્રદર્શનમાં મુકવામાં આવેલી તમામ લેટેસ્ટ મશીનરી અને એન્સીલરીની મુલાકાત લીધી હતી.

ઇરોડ પાવરલૂમ્સ કો–ઓપરેટીવ સોસાયટીના પ્રમુખ શ્રી એસ.કે. નલ્લાસ્વામીએ જણાવ્યુ હતુ કે, તમિલનાડુમાં શેલમ, ઇરોડ અને કોઇમ્બતુર સહિતના દોઢસો કિલોમીટરના વિસ્તારમાં લાખોની સંખ્યામાં સાદા પાવરલૂમ્સ ચાલી રહયા છે. હાલમાં નાનાપાયે તેઓ કાપડનું ઉત્પાદન કરી રહયાં છે પણ બધાને હવે અપગ્રેડ થવાનું છે. આથી સુરતમાં આજે સીટેક્ષ પ્રદર્શનની મુલાકાત અમને ફળી ગઇ છે.

ચિતોડ પાવરલૂમ્સ ઓનર્સ એસોસિએશનના સેક્રેટરી શ્રી કે. બાલાસુબ્રમણ્યમે જણાવ્યુ હતુ કે, સીટેક્ષ પ્રદર્શનમાં અમને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના દરેક સેકટરની લેટેસ્ટ મશીનરી જોવા મળી છે. ખાસ કરીને અમને કન્વર્ટેડ રેપીયર લૂમ્સ અને હાઇસ્પીડ રેપીયર લૂમ્સમાં રસ પડયો છે. મોટાભાગના વેપારીઓએ આ બંને લૂમ્સ ખરીદવા માટેની તૈયારી પણ દર્શાવી છે. તમિલનાડુમાં ઇરોડ ખાતેના અન્ય વેપારીઓ પણ લેટેસ્ટ મશીનરી નાંખવા માટે તત્પર છે.